શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

॥ सुयं मे आउसं ॥


વિક્રમ સંવત ૨૦૭૪ • વર્ષ : ૨ • અંક : ૧ જૂન ૨૦૧૮

## શ્રુતસંબંધી છ મહાન કાર્ય

મુનિશ્રી પ્રશમરતિવિજયજી મ.સા.

આપણે સૌ નાનપણથી પુસ્તકોના આધારે ભણ્યા છીએ. છાપેલી ચોપડીઓ બાળમંદિરથી માંડીને આજ સુધી હાથમાં રહેતી આવી છે. આપણને આ છાપેલી ચોપડીઓ મળી જ ન હોત તો આપણી હાલત કેવી કફોડી હોત તેની કલ્પના કરી જુઓ. આજે તો વાંચન/લેખનનો બધો જ વહેવાર છાપેલી ચોપડી પર અવલંબિત છે. લગભગ ૧૫૬૪ વરસ પહેલાનો સમય યાદ કરીએ અને વિગત ૧૫૬૪ વરસનો ઇતિહાસ તપાસીએ એમાંથી બે વાત સમજવામાં આવે છે.

એક, મહાવીર સ્વામી ભગવાન મોક્ષમાં ગયા ત્યાર બાદ ૯૮૦ વરસ સુધી શ્રમણસંસ્થા પુસ્તકના ઉપયોગથી દૂર રહેતી હતી. ૧૫૬૪ વરસ પૂર્વે હાથેથી લખેલાં પુસ્તકોનો ઉપયોગ કરવાનું શ્રમણસંસ્થાએ સ્વીકાર્યું. આ પુસ્તકોને હસ્તલિખિત ગ્રંથ એવું આદરણીય નામ મળ્યું.



આગમ વાચના

બે, છેલ્લા દોઢસો-બસો વરસોમાં પ્રિન્ટેડ બુક્સનો ઉપયોગ વધ્યો છે તે પૂર્વે પ્રિન્ટેડ બુક્સ ચલનમાં ખાસ વધારે હતી નહીં. મતલબ કે પાછલા ૧૫૬૪ વરસમાંથી ૨૦૦ વરસ બાદ કરો તો ૧૩૬૪ વરસ બચે છે. આ ૧૩૬૪ વરસમાં છાપેલી ચોપડીઓ હતી નહીં અને તેની પહેલાનાં ૯૮૦ વરસમાં તો છાપેલી ચોપડીનો પ્રશ્ન જ આવતો નથી.

સારાંશ એ છે કે મહાવીર સ્વામી ભગવાનનાં મોક્ષગમન પછી ૨૩૪૪ વરસો સુધી છાપેલી ચોપડીઓ હતી જ નહીં અને છતાં જૈનશાસનની તમામ વ્યવસ્થાઓ અખંડ રીતે ચાલી હતી. શરૂઆતના ૯૮૦ વરસ હસ્તલિખિત ગ્રંથનો ઉપયોગ નહોતો. ગુરુ બોલે અને વિદ્યાર્થીઓ તે સાંભળીને (વાંચ્યા વગર અને લખ્યા વગર) શીખી લે તે પદ્ધતિ હતી. આ પદ્ધતિને શ્રુત-અભ્યાસ કહી શકાય. ૯૮૦ વરસ પછી શ્રુતલેખન શરૂ થયું અને જે લખાયું તેના આધારે વાંચવાનું શરૂ થયું. હસ્તલિખિત ગ્રંથોએ શાસનને ચલાવ્યું. આ શ્રુતલેખન કરનારા કોણ હતા? કેવળજ્ઞાની કે પૂર્વધર મહાત્મા હતા તેઓ? જવાબ છે ના. શ્રુતલેખન કરનારા સૌ મતિજ્ઞાની કે શ્રુતજ્ઞાની હતા. તેમાં પણ બે પ્રકાર જોવા મળે છે. એક, વિદ્વાન મહાત્માઓ લેખન કરતા. પ્રાચીન ગ્રંથો માટે સંપૂર્ણ આદર અને શ્રદ્ધા રાખવાપૂર્વક કબૂલવું જોઇએ કે લેખન કરનારા લિપિકારોને કારણે આપણા મહાન ગ્રંથોમાં છૂટક છૂટક લેખનભૂલો પ્રવેશી ગઇ છે. આ ભૂલ લિપિકારોની છે પરંતુ જો ધ્યાન રાખવામાં ન આવે તો આ ભૂલ, ભૂલ નથી એવો વહેવાર બનવા માંડે છે.

આજની સ્તુતિઓનું ઉદાહરણ આપું છું - રત્નાકરપચીસીની સૌથી પહેલી કડી આ મુજબ છે -



પ્રાચીન લેખન પદ્ધતિ

મંદિર છો મુક્તિતણી માંગલ્યક્રીડાના પ્રભુ. પરંતુ બધા શું બોલે છે? બધા મુક્તિતણા એમ બોલે છે. મુક્તિતણી માંગલ્યક્રીડા આ વ્યાકરણ શુદ્ધ પ્રયોગ છે. તણી ને બદલે તણા થઇ ગયું છે જે અશુદ્ધ છે. આવું જ બીજું ઉદાહરણ છે - જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે. આ સ્તુતિની ત્રીજી પંક્તિ કહે છે કે - પીએ મુદા વાણી સુધા તે કર્ણયુગને ધન્ય છે. આપણે બધા મુદા ને બદલે મુધા બોલીએ છે. જે સદંતર અશુદ્ધ ઉચ્ચાર છે.

જેમ સ્તુતિઓમાં ભૂલો પ્રવેશી ગઈ તેમ પ્રાચીન ગ્રંથોમાં લિપિકારોને કારણે ભૂલ પ્રવેશી ગઇ છે. જે ભૂલ પકડાય નહીં તે જોખમી બની જાય છે. વરસોથી, ઘણા ઘણા વરસોથી स्निग्धं पितृघ्नम् આ વાક્ય ચાલી રહ્યું હતું. આનો અર્થ એ હતો કે ઘી વાપરવાથી પિતાનો નાશ થાય. આ વાક્ય બરોબર નથી એ સમજાતું હતું પરંતુ પ્રામાણિક સંદર્ભના અભાવે સુધારો થઇ શકતો નહોતો. આમા શ્રુતભવનની વિદ્વત્ પરિષદ્ દ્વારા સરસ કામ થયું. જો આ વાક્ય પ્રાચીન હસ્તલિખિત ગ્રંથમા હોય તો એને અશુદ્ધ કહી શકાય નહીં કેમ કે શ્રદ્ધાનો પ્રશ્ન છે. ગ્રંથોના સર્જક

ગ્રંથકારો ભૂલ કરતા નથી. ગ્રંથકારો ભૂલ વિનાના ગ્રંથનું નિર્માણ કરે છે. એ ગ્રંથની પ્રતિલિપિ લખાય ત્યારે લહિયાના હાથે ભૂલ ઉમેરાઇ જાય છે. જે ભૂલ ગ્રંથકારે કરી નથી અને લહિયાએ કરી છે તેને શોધવાની, સુધારવાની જવાબદારી આપણી છે. મને એ જણાવતા ઘણો ઘણો હર્ષ થાય છે કે જૂના સમયના લહિયાઓએ કરેલી ભૂલોને શોધવાનું, સુધારવાનું અત્યંત કપરું અને જવાબદારીભર્યું કાર્ય પૂ. ગણિવર્ય શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મહારાજ દ્વારા અત્યંત શ્રદ્ધાપૂર્વક, પરંપરાની વફાદારી સાથે થઇ રહ્યું છે.

લહિયાની ભૂલને પકડવાનું કામ ભારે અટપટું હોય છે. હસ્તલિખિત પોથી જો ત્રણસો વરસ જૂની છે અને એમાંનું એક વાક્ય જો શંકાસ્પદ છે તો તે ગ્રંથની ચારસો વરસ જૂની કે પાંચસો વરસ જૂની પોથીના આધારે એ ભૂલ પકડી શકાય છે. તકલીફ એ છે કે ત્રણસો વરસ જૂની પોથી મળી જાય તે પછી ચારસો વરસ જૂની કે પાંચસો વરસ જૂની પોથી તુરંત મળતી નથી. પોથી મળે તો પોથીના અક્ષરો ઉકેલી શકે, ગ્રંથની ભાષા સમજી શકે તેવા વિદ્વાનો મળતા નથી.

શ્રુતભવન જે છ કાર્ય કરી રહ્યું છે તેમાંનું પ્રથમ કાર્ય છે - 




**અશુદ્ધિઓને પકડવાનું,** સમજવાનું અને પ્રમાણિત રીતે સુધારવાનું. આ પ્રથમ કાર્ય માટે જો સામગ્રી જોઇએ તે મેળવવા શ્રુતભવન બીજું કાર્ય કરે છે તે છે **ભારતભરની તમામ હસ્તલિખિત પોથીઓની સ્કેન કરેલી કોપી એક જ કોમ્પ્યુટરમાં સોફ્ટ કોપી રૂપે સંગ્રહીત કરવાનો ભગીરથ પુરુષાર્થ.** એક અંદાજ અનુસાર, જૈન હસ્તલિખિત પોથીઓ વીસ લાખ જેટલી છે. આ પોથીઓ ભારતના અલગ અલગ રાજ્યોના, જુદા જુદા શહેરોમાં અને ગામડાઓમાં થોડી થોડી સંખ્યામાં સંગ્રહીતરૂપે વિખરાયેલી છે. દરેક પોથી એક સ્થાને, એક જ લાઇબ્રેરીમાં એક સાથે મળી શકતી નથી. શ્રુતભવનનું બીજું કાર્ય અથવા લક્ષ્ય એ છે કે આ વીસ લાખ જૈન હસ્તલિખિત પોથીઓ સ્કેનીંગ કરેલી કોપી રૂપે એક જ કૉમ્પ્યુટરમાં સંગ્રહીત થઇ જાય. મહત્ત્વની વાત એ છે કે અત્યાર સુધી લગભગ પાંત્રીસ લાખ પાનાનું સ્કેનીંગ થઇ ચૂક્યું છે. જે દિવસે વીસ લાખ પોથીઓ સ્કેનીંગ કરેલી કોપી રૂપે એક જ જગ્યાએ સંગ્રહીત થઇ જશે તે દિવસે સંશોધનનાં કાર્યો સરળ બની જશે. અત્યારે જે કામ બે વરસે થાય છે તે આ સંગ્રહ બની ગયા બાદ બે મહિનામાં પૂરું થઇ શકશે. અલબત્, માત્ર સ્કેનીંગ કરવાથી ગ્રંથો ઉપયોગમાં લઇ શકાતા નથી. જે જે ગ્રંથ સ્કેન થાય તેનું પદ્ધતિસર સૂચીકરણ કરવું જરૂરી હોય છે. આ સૂચીકરણની એક સ્વતંત્ર પ્રક્રિયા હોય છે. શ્રુતભવનમાં ત્રીજું કાર્ય આ થાય છે - **કેટલોગ બને છે સ્કેન્ડ ગ્રંથોનો.**

શ્રુતભવનનું ચોથું કાર્ય છે - **અદ્યાવધિ અપ્રકટ ગ્રંથોને પ્રકાશિત કરવાનો ઉપક્રમ.** આજ સુધી જેનાં નામ ન સાંભળ્યા હોય એવા ઘણાય પ્રાચીન ગ્રંથો શ્રુતભવનને મળેલાં છે જે સંશોધનપૂર્વક પ્રકાશિત થતા રહે છે, થતા રહેશે. જ્ઞાનપ્રેમીઓ માટે આ અલબ્ધપૂર્વ ગ્રંથો મોટા ખજાના જેવા પુરવાર થઇ રહ્યા છે અને થતા જ રહેશે.

શ્રુતભવનનું પાંચમું કાર્ય છે - **જિનરત્નકોશનું નવીનીકરણ.** વેલણકરજીએ વરસો પૂર્વે આપણા ગ્રંથોનું સૂચીકરણ કરેલું હતું. એક અંદાજ અનુસાર પ્રાચીન જૈન ગ્રંથોની સંખ્યા ૩૫૦૦૦ જેટલી છે. ભાષા પ્રાકૃત, સંસ્કૃત અથવા અપભ્રંશ. આ ગ્રંથો સંબંધી સૂચીકરણ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપયોગી બની રહે તે રીતે થઇ રહ્યું છે. આ અત્યંત બૃહત્કાય પ્રકલ્પ છે.

શ્રુતભવનનુ છઠ્ઠું કાર્ય છે - **અર્વાચીન લેખકોનાં પુસ્તકોનું પ્રકાશન.** આ એવી પ્રવૃત્તિ છે જે આજની પેઢીના ભાવિકોને અત્યંત ઉપયોગી છે.



**પ્રકાશન**

શ્રુતભવનની પ્રથમ પાંચ કાર્યનું ગૌરવ કેટલું મોટું છે તેની કલ્પના તમે કરી જ નહીં શકો. આજે પ્રાચીન ગ્રંથોનું મુદ્રણ ઘણી સંસ્થા કરાવે છે, હવે તો પ્રાચીન ગ્રંથોને ફરીથી હસ્તલિખિત ગ્રંથમાં અવતરિત કરવાનો ભવ્ય પુરુષાર્થ અમુક સંસ્થાઓ દ્વારા થઇ રહ્યો છે.

શ્રુતભવન સંશોધન કેંદ્ર, પૂનાની Uniqueness છે તેની ગ્રંથસંશોધન પદ્ધતિમાં. પૂ. ગણિવર્ય શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મહારાજના પૂર્ણ માર્ગદર્શન તળે વીસેક વિદ્વાનો શ્રુતભવનમાં જ રહીને જે રીતે પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના આધારે (લિપિકારો=લહિયાઓ દ્વારા થયેલી ભૂલોને શોધવાની, સુધારવાની) સંશોધનપ્રવૃત્તિ કરી રહ્યા છે તે અજબગજબ છે. સેંકડો વરસોથી **ઘી પિતાનો નાશ કરે છે,** આવું એક વાક્ય ગ્રંથકારનાં નામે ચડી ગયું હતું, એ ભૂલને શ્રુતભવન સંશોધન કેન્દ્રે પકડી પાડી અને પ્રાચીન ગ્રંથોના આધારે, ગ્રંથકારને અભિપ્રેત વાક્ય મેળવી લીધું - જે આ મુજબ છે - **ઘી પિત્તનો નાશ કરે છે. स्निग्धं पित्तघ्नम्।** ગ્રંથકારની ગેરહાજરીમાં ગ્રંથકારને અભિપ્રેત હોય તેવું વાક્ય શોધી કાઢવું એ બહુ મોટી સિદ્ધિ કહેવાય. શુદ્ધીકરણની આ પ્રક્રિયાને જોયા/જાણ્યા બાદ વિવિધ સમુદાયના ગચ્છાધિપતિ ભગવંતો, સૂરિ ભગવંતો, શ્રમણશ્રમણી ભગવંતોએ શ્રુતભવન સંશોધન કેન્દ્રને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા છે. ભારતના ટોચના વિદ્વાનોએ શ્રુતભવન સંશોધન કેન્દ્રની ગતિવિધિઓને અંતરના ઉમળકાપૂર્વક વધાવી છે.

શ્રુતભવન સંશોધન કેન્દ્ર સાત શ્રદ્ધાવાન ટ્રસ્ટીઓ અને એકવીસ સંનિષ્ઠ કાર્યકર્તાઓ દ્વારા પારદર્શી રીતે સંચાલન પામે છે. કેટલાય શ્રી સંઘો અને ભાગ્યવાન્ પરિવારો શ્રુતભવન સંશોધન કેન્દ્રને આર્થિક સહયોગ આપવા દ્વારા લાભાન્વિત બન્યા છે.

આવનારી શતાબ્દીઓમાં પ્રાચીન ગ્રંથોનાં સંપાદન/સંશોધન સંબંધી ક્ષેત્રમાં જે કોઇ કાર્ય થશે તેમાં શ્રુતભવન સંશોધન કેન્દ્ર, પૂના દ્વારા કંડારાયેલી કેડી ભરપૂર ઉપયોગી બની રહેશે એ નિઃશંક વાત છે.

**(8-04-2018 નાગપુરમાં અપાયેલ વિશેષ વ્યાખ્યાનનો સારાંશ)**

# સમાચાર



● ૪.૨.૧૮ ના દિવસે મુંબઈ યુનિવર્સિટી જૈન ચેરના અધ્યક્ષ ડૉ. **બિપિન દોશી** પધાર્યા હતાં. તેમણે ૨૦૦૦ કોલેજિયન વિદ્યાર્થીઓને પ્રાથમિક જૈન તત્ત્વજ્ઞાનનું પ્રશિક્ષણ અપાવ્યું છે.





● પ. પૂ. આ. શ્રી કેસરસૂરિ મ. સા. ના પૂ. આ. શ્રી. હેમપ્રભસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂ. આ. શ્રી **વિજ્ઞાનપ્રભસૂરિ મ.સા.** એ ૫.૩.૧૮ ના દિવસે પદાર્પણ કરી આશિષ આપ્યા.



● પ. પૂ. આચાર્યદેવ શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ મ.સા.ના ચાલીસથી વધુ માસક્ષમણના આરાધક તપસ્વી પંન્યાસપ્રવર શ્રી **હંસરત્નવિજયજી ગણિવર** ૧૪.૩.૧૮ના દિવસે શ્રુતભવન પધાર્યા. તેમને ૫૭ મો ઉપવાસ હતો.



● ૫.પૂ.આ શ્રી સિદ્ધિસૂરિ મ.સા.ના સમુદાયના યુવાચાર્ય શ્રી **નરરત્નસૂરિજી મ.સા.** ૫.૪.૧૮ ના દિવસે પધાર્યા. બે દિવસની સ્થિરતા દરમ્યાન તેમના પરિવારના પૂજ્યોએ સંશોધન અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું.



● ૨૭.૪.૧૮ ના દિવસે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના વરિષ્ઠ આચાર્યદેવ શ્રી વિજય **મુક્તિપ્રભ-સૂરીશ્વરજી મ. સા.** પધાર્યા. સાથે પૂ. પં. શ્રી **હિતરત્નવિજયજી** ગ. તથા પૂ. મુ. શ્રી **દિવ્યભૂષણવિજયજી** મ. પણ પધાર્યાં હતા. પૂજ્યશ્રીએ શ્રુતભવનની પ્રવૃત્તિઓનું રસપૂર્વક નિરીક્ષણ કરી પ્રેરણાસ્પદ આશીર્વાદ આપ્યાં હતા.

તા. ૨૨.૪.૧૮ ના દિવસે પૂજ્ય આચાર્ય ભગવંતના ૬૪મા દીક્ષાદિનની ઉજવણીમાં **બૃહત્ ટિપ્પનિકા, ધર્મબિંદુ, સંગતિવૃત્તિ** અને **મારો પ્રિય શ્લોક** પુસ્તકનું સંઘાર્પણ થયું.



● પુ. આ. **શ્રી. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.** આદિ ઠાણા તથા સા. **શ્રી જિનરત્નાશ્રીજી મ.સા.** ની પાવન નિશ્રામાં તા. ૧૦-૦૩-૨૦૧૮ શનિવાર, વાપી મુકામે શ્રુતભવન સંશોધન કેંદ્ર દ્વારા પ્રકાશિત ચાર ગ્રંથોનું વિમોચન થયું.



● શ્રી જાગનાથ શ્વે. મૂ. જૈન સંઘ રાજકોટ મુકામે ગૂઢાર્થતત્ત્વાલોકઃ ગ્રંથનું વિમોચન થયું. આ ગ્રંથમાં પૂ. મુ. શ્રી **ભક્તિયશવિજયજી મ.સા.** એ ૪૦૦ શ્લોક પર ૯૦,૦૦૦ શ્લોકની રચના કરેલ છે. આ ગ્રંથ ૧૪ ભાગમાં પ્રકાશિત થયો છે. તેમાં એક ગ્રંથની પ્રસ્તાવના પૂ. ગણિવર્ય વૈરાગ્યરતિવિજયજી મ.સા.એ લખી છે.



● શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલય, વાસુદર્શન, પાલ-સુરતમાં પૂ.મુ. શ્રી **રાજપુણ્યવિજયજી મ.સા.** તથા પૂ.મુ. શ્રી **રાજસુંદરવિજયજી મ.સા.**ની પાવન નિશ્રામાં મારો પ્રિય શ્લોક પુસ્તકનું વિમોચન થયું.



● તા. ૮.૪.૨૦૧૮ ના દિવસે નાગપુરમાં પૂજ્ય મુનિપ્રવરશ્રી **પ્રશમરતિવિજયજી મ. સા.**ની પાવન નિશ્રામાં **કપ્પસુત્તં, ધર્મબિંદુ, લક્ષણસંગ્રહ** આ પુસ્તકોનો સંઘાર્પણ કરતા શ્રી રાજુભાઈ મહેતા, ગણેશજી જૈન, નિખિલભાઈ કુસુમગર બિપિનભાઈ મહેતા.



● તા. ૨૦.૦૫.૨૦૧૮ ના દિવસે વાગડ ગુરુકુળ, મુંબઇમાં પૂજ્ય આચાર્યશ્રી **આનંદવર્ધનસૂરીશ્વરજી મ.સા.** તથા પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી **આત્મદર્શનવિજયજી મ.સા.**ની પાવન નિશ્રામાં **મારો પ્રિય શ્લોક** પુસ્તકનું વિમોચન સંપન્ન થયું.

# શ્રુતભવન સંશોધન કેંદ્ર કાર્ય વિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત ઉપદેશરત્નાકર તથા કારકપ્રકરણસંગ્રહનું અંતર્ગત ૧૩ કૃતિઓનું સંપાદન સંપન્ન થયું. શ્રુતદીપ-૨, અઢારપાપસ્થાનક કૃતિ સંગ્રહ, કવિરહસ્ય, શ્રેયાંસજિનચરિત તથા લોકપ્રકાશનું સંપાદન કાર્ય પ્રવર્તમાન છે.

વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ અંતર્ગત આ. શ્રી રત્નાચલસૂરીશ્વરજી મ. સા., આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા., શ્રી રાજસુંદરસૂરીશ્વરજી મ.સા., આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા., આ.શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા., હેલિન ડિ જોન્કહિઅર (Ghent University, Belgium)ને હસ્તલિખિત પ્રત સંબંધી માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રતિભાવ

I am delighted and thankful to receive your News Letter. It will greatly help me to know about your research work. I would like to receive your future issues too with great appreciation. Thank you so much for your all kind of support and hospitality during my visit last year.

**Dr. Shobha Rani Dash,** Otani University, Kyoto, Japan

## અભિપ્રાય

It is a place of compassion and exudates perfection. I am really overwhelmed by the whole institution, the kindness of the Jaina monk and the supportiveness of the whole staff. Please continue the magnificent work for the welfare of whole world.

**Dr. Mudagamuwe Maithrimurthi** , Heidelberg University Germany

## સમાચાર

પૂ. પં. શ્રી દિવ્યચંદ્રસાગરજી ગ., પૂ. મુ.શ્રી આત્મરતિ-હિતરતિવિજયજી મ. સા., પૂ. સા. શ્રી પુષ્પદંતાશ્રીજી મ., પૂ. સા. શ્રી શુભેચ્છાકુમારીજી મ. (લિંબડી સંપ્રદાય), પૂના યુનિવર્સિટી જૈન ચેઅર પદ ઉપર નવનિર્વાચિત ડૉ. વિમલજી બાફના, પ્રો. ડૉ. ઉગમરાજજી ડાગા (પૂર્વ ડીન, નેશનલ લૉ યુનિવર્સિટી, જોધપુર) નું પદાર્પણ થયું.

પૂ. ગુરુદેવની નિશ્રામાં બે જિનાલયોનું શિલાસ્થાપન સંપન્ન થયું. પૂ. મુ. શ્રી પ્રશમરતિવિજયજી મ. નું ચાતુર્માસ યવતમાળ છે. પૂ. સા.શ્રી જિનરત્નાશ્રીજી મ. ની પ્રેરણાથી દહેગામ, વાપી ખાતે મનોવિકાસ પ્રાયમરી સ્કુલમાં જે.ડી.શાહ (કેનડા) દ્વારા સરસ્વતીની મૂર્તિનું અર્પણ થયું. તેમનું ચાતુર્માસ અંકલેશ્વર (ગુજરાત) છે. પ્રવેશ ૧૮-૭-૨૦૧૮ બુધવારે છે.

હું મારા જીવનમાં સારા કે ખરાબ બધાને
મહત્ત્વ આપું છું.
સારા માણસો સાથ આપે છે,
ખરાબ માણસો અનુભવ આપે છે.

- પૂ.મુ.શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર

કાર્યકારી તંત્રી
ગૌરવ કે. શાહ (૯૮૩૩૧૩૯૮૮૩)

**Printed Matter**
**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**

**From : Shrutbhavan Research Centre,**
**(Initiation of Shrutdeep Research Foundation)**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel